सत्यमेव जयते

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

આરોપી સામે જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે. આજરોજ આરોપી કોર્ટ રૂબરૂ હાજર રહી કેસ કબુલ કરવા માંગતા હોય આરોપીને જુગારધારાની કલમ ૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને દરેક આરોપી દીઠ અંકે રૂપીયા ૨૦૦ (અંકે રૂપીયા બસો પુરા)નો દંડ કરવામાં આવે છે.જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો દિન–૩(ત્રણ)ની સાદી કેદની સજા ભાગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે જો કોઈ હુકમ હોય તો તે કાયમી રાખવો અને જો ના થયો હોય તો મુદ્દામાલની રોકડ રકમ તથા દાવ પરના રૂપિયા સરકાર ખાતે જમા કરવા. રોકડ રકમ સિવાયનો જો કોઈ મુદ્દામાલ હોય તો તેની ખરાઈ કરી મુળ માલિકને પરત કરવો.

હુકમ આજરોજ તારીખ ૨૬ મી જુન સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– સુરત
તારીખઃ–૨૬/૦૬/૨૦૨૨

(યોગીતા શર્મા)
૫ માં અધિક જ્યુડી. મેજી. ફ.ક., સુરત
જજ કોડ GJ01529